ગુજરાત સમાચાર "પ્લસ" "અમદાવાદ આવૃત્તિ"

પેજ નં. 1 તા. 18/2/25

# ૮૨ વર્ષે Ph.D.ની ડિગ્રી મેળવી ડૉક્ટરેટ બનવાનું સ્વપ્ન પૂરું કર્યું

## રમીલાબહેને ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિ.માંથી 'ગઝલકાર શૂન્ય પાલનપુરી- એક અભ્યાસ' પર સંશોધન નિબંધ તૈયાર કર્યો

'મારે બીજા લોકોની જેમ આ ઉંમરે નકારાત્મકતાના સહારે નથી રહેવું, દુનિયા ખૂબ સુંદર છે અને મારે આ સુંદર દુનિયામાં મન ભરીને જીવવું છે.' આ શબ્દો છે ૮૨ વર્ષીય રમીલાબહેન શુક્લાના. જેમણે તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દસમા દીક્ષાંત સમારોહમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે વર્ષ ૧૯૪૩માં બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં જન્મેલા રમીલાબહેન સ્વભાવે પહેલેથી જ ખૂબ મહેનતુ હતા.

લગ્ન પહેલા વર્ષ ૧૯૬૫માં તેમણે એમ.જી. સાયન્સ કોલેજમાંથી બેચલર ઓફ સાયન્સની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. પોતાની જિંદગીના ૭ દાયકા પસાર કર્યા પછી રમીલાબહેને વધુ અભ્યાસ કરવાની ઈચ્છાથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૬માં ગુજરાતી વિષયમાં માસ્ટર ઓફ આર્ટ્સમાં એડમિશન લીધું. જે ઉંમરમાં લોકો જિંદગીથી થાકીને આરામ અને કામ વગર રહેવાનું પસંદ કરે છે તે ઉંમરમાં રમીલાબહેને ગુજરાતી વિષય સાથે માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરવા માટે ઝંપલાવી દીધું અને તે બાદ પીએચ.ડી. પણ કર્યું.

આ વિશે રમીલાબહેને કહ્યું કે,વાંચવું અને નવું શીખવું મારી ગમતી પ્રવૃત્તિઓ છે. બાળપણથી જ મને ડૉક્ટરેટ થવાની ઈચ્છા હતી. ૭૧ વર્ષની ઉંમરે મને લાગ્યું કે, હવે મેં સંસારની બધી જવાબદારી નિભાવી લીધી છે અને હવે પોતાને સમય આપવો છે. મેં ૨૦૧૬માં ૭૩ વર્ષની ઉંમરે એમ.એ.ની ડિગ્રી મેળવી. ત્યારબાદ મેં આગળ અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો અને પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા માટે ટ્યુશન લેવાનું શરૂ કર્યું. આ પરીક્ષા પાસ કરીને તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પીએચ.ડીમાં એડમિશન લીધું અને 'ગઝલકાર શૂન્ય પાલનપુરી-એક અભ્યાસ' વિષય પર પીએચ.ડી. કરવાની શરૂઆત કરી. ત્યારબાદ થિસીસ લખવા માટે મેં કમ્પ્યૂટરમાં ગુજરાતી ટાઈપિંગ પણ શીખ્યું. મારા પતિના મૃત્યુને ૩૦ વર્ષ થયા છે પરંતુ મારા પરિવારે મારા પડખે ઊભા રહી તેમની કમી ક્યારેય મહેસૂસ નથી થવા દીધી.

### પીએચ.ડી. માટે ૧૩૫ પુસ્તક વાંચ્યા



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી યોગેન્દ્રભાઈ પારેખ રમીલાબહેનના પ્રોફેસર અને ગાઈડ હતા. રમીલાબહેને એકવાર તેમને પૂછ્યું કે, પીએચ.ડી. માટે કેટલાં પુસ્તકો વાંચવા પડે તો યોગેન્દ્રભાઈએ કહ્યું કે, પોતાના વિષયનાં ઓછામાં ઓછા ૧૦૦ તો વાંચવા પડે. રમીલાબહેને પોતાની વાંચનશક્તિનો ભરપૂર ઉપયોગ કરીને ૧૩૫ જેટલા પુસ્તકો વાંચી લીધા હતા.

Scanned with OKEN Scanner